સટોરીયાને શિખામણ.

રચી પ્રસિદ્ધ કરનાર.

શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

સટોરીયાને શીખામણ.

રચી પ્રસિદ્ધ કરનાર.

શા. કેશવલાલ જમનાદાસ

પાલખીવાળા.

અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

અમદાવાદમાં ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપી.

કિંમત અડધો આનો.

પ્રસ્તાવના.

વર્ત્તમાનકાળને વિષે હુનરમણનો પ્રચાર દિનપરદિન વધતો જાય છે. અને તે જુગાર મનુષ્યને એટલો તો હાનીકારક છે કે, એને માટે એક મોટો ગ્રંથ લખવામાં આવે તો પણ તે ઓછું છે. પરંતુ પુસ્તકમાં જગોની સંકોચને લીધે તેમ બની શકયું નથી, પણ અમદાવાદમાં થતો સટ્ટાનો વહેપાર અને જોટાના'ધાટીયાનો ધમધોકાર ચાલતો ધંધો જોઇ, હું મારા થોડાક વિચાર દર્શાવું છું.

ઝેરી બીજ વાવનાર મનુષ્ય કદીપણ અમૃતફળ પામતો નથી. તેવીજ રીતે સટ્ટાના વહેપાર કરનારાઓ પોતાના વડીલોએ મેળવેલું ધન અને આબરૂ બન્ને ગુમાવી પરિણામે નિર્ધન અને નિરાધાર થઇ જાય છે. જેથી તે જીવતાં સૂધી દુ:ખીને દુ:ખીજ રહે છે, એવા હજારો દાખલા આપણા જોવામાં આવ્યા અને આવે છે. તેથી સિદ્ધ થાય છે કે, સટ્ટો મનુષ્ય માત્રનો કટ્ટો શત્રુ અને આબરૂને બટ્ટો લગાડનાર પક્કો પાપી છે.

દુનિયાનાં દરેક ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે જણાવેલું છે કે, સટ્ટોએ ખુલ્લું જુગાર છે. ને તેનો વહેપાર કરનાર મનુષ્યને મહા દોષ લાગે છે. તેમ છતાં હાલમાં ઘણા માણસો વગર મહેનતનું ધન લેવા દરેક જાતના સટ્ટાઓ કરે છે. પરંતુ શાસ્ત્રકારે શુ કહેલું છે, અને તે વહેપાર કરવાથી કેટલો અને કેવો દોષ લાગે છે, તે તરફ લેશ માત્ર પણ પાછું વાળી જોતા નથી.

સટ્ટાને જુગાર કહેવાનું પહેલું કારણ એ છે કે, પાસાથી અગર ગંજીફાથી રમનાર જેમ ખાદ નફાના પૈસાની આપ લે કરે છે, તેમ સટ્ટાનો વહેપાર કરનાર પણ તારના સંદેશાથી, કે વધ ઘટના ભાવથી ખાદ નફાના પૈસા આપે લે છે. તેથી તે પણ જુગાર છે, એમ કહેવામાં જરાએ શક જણાતો નથી.

વળી સટ્ટાને જુગાર કહેવાનું બીજું કારણ મળી આવે છે કે, આપણા બીજા હજારો ધંધાનું લહેણું લેવા આપણે સરકારને અરજ કરીએ છીએ, તો તે દાદ સાંભળી આપણને વ્યાજબી ઇન્સાફ આપે છે. પરંતુ સટ્ટાના વહેપારનો કોઇ પ્રકારે દાવો ચાલતો નથી; એ કારણથી પણ સટ્ટાના વહેપારને જુગારનો દોષ લાગુ પડે છે.

સટ્ટાના વહેપારી માટે સુધરેલી પ્રજા હલકો અભિપ્રાય ધરાવે છે. ઊંચીપંક્તિના ગૃહસ્થોમાં તેમનું માન હોતું નથી. ને તેથી દિનપરદિન વહેવારમાં ઘટાડો થતો જાય છે, એટલુંજ નહિ, પરંતુ લોકમાં તેમની આબરૂ હોતી નથી; તેથી તેમને કોઇ કાંઇ પણ ધીરતુ નથી. એ પરથી પણ જણાઇ આવે છે કે, એ વહેપાર કરનારની જીંદગીને જબરો ધોખો લાગે છે. માટે તેનાથી દૂર રહેવું એ વધારે સારૂં છે.

ઠે લુણસાવાડે મોટીપોળ
અમદાવાદ.

લી. સેવક
શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

સટોરીયાને શિખામણ.

ઇશ્વરસ્તુતિ.

૧

હરિગીત છંદ.

હે ઇશ નામી શીષ પ્રેમે પાયલાગી વિનવું,
અરપો સુબુદ્ધિ આપ જગના બાપ કરજોડી કહુ;
પઢીયો ન પિંગળપાઠ ગણનો ઠાઠ માત્રા મેળને,
જાણું નહિ લવલેશ લઘુગુરૂની કળા કે ખેલને.
કવિજન કૃતિની પાસ અક્કલ ખાસ મા'રી અલ્પ છે,
તે તમ કૃપાદૃષ્ટિ વિના કેવી રીતે કવિતા રચે;
માટે કરો મમ સાહ્ય લઘુ આ થાય પુસ્તક રસ ભર્યું,
કિરતાર પ્રાણાધાર વારંવાર હું વિનતિ કરૂં.

દોહરો.

હાથી કંઇક ઉડી ગયા, વાઘે મૂક્યું માન;
રીંછોને રોળી કર્યા, સટ્ટે શ્વાન સમાન.

૨

મનહર છંદ.

વ્યસન બુરામાં બુરૂ, જગમાં જુગાર તણું;
સટ્ટાને સલામ કરી, ભાઇ દુર ભાગજો.
લીધો એનો કેડો તેણે, કીધો લાભ કેવો તે'નો;

ચિતાર બતાવું તેહ, જોવા માટે જાગજો.
પત્તાં અને પાસા વડે, ખેલી ખેલ થાકયા બહુ;
મેલી ઘરબાર હાટ, રોયા કાઢી રાગજો.
ભીખારી સમાન ભીખ, માગતા બજાર માંહે;
લાજને લુટાવી મૂકે, માતા કુખે આગજો.
મડારૂપી મીલ—શેર, વાયદાના વેચી લઇ;
ફાયદાના શોધનાર, આખર ફસાય છે.
મોર્ટગેજ મૂકી મૂડી, ગાંઠની ગમાવ્યા બાદ;
ખાદતણા ખાડા મહીં, ચીંથરાં ચુંથાય છે.
કમીશન ખાવા કરી, ફેટકાકે સુરખાઇ;
પારકું પોતાનુ હોમી, હોજ માંહે નાહ્ય છે.
દિવાળો ઉભી છે તે'ને, દેખી દીલ દાઝે પણ;
કુવામાંની છાંયડી તે, કુવામાં સમાય છે.
અફીણની પેટી જેને, ભેટી તેહ જનતણી;
અતિ અવદશા થઈ, અને ભીખ માગીયા
જોટાના શોખીન તે'ને, જડયાં જુતાં માથે તેથી;
ફુટેલા કપાળે કંઇ, બાવા બની ભાગીયા.
ચાંદીની પાટોમાં ખાટયો, કોઈ કદી જાણયો નથી;
કાણયો ઘેર આણી ઘણા, કુટાણા અભાગીઆ.
ખાંડીના વે'પારી રાંડી, ખુણે પેઠા ખાલી થઈ;
જુગારૂ રમીને વટ-વે'વારેથી ત્યાગીયા.

૩

વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરની એ રાગ.

જૂગારી જનો જૂગટું રમ્યાની ટેવ ટાળજો. ટેક

કાજ માઠામાં માઠું મન એ ગણો,
લાજ લેશ ન જાણો જગમાંહ્યરે. જૂગારી જનો ૧
જોયા હાલ બે હાલ ઘણા એહથી,
રોયા દ્યૂત રમત રમનારરે, જૂગારી જનો ૨
ખેલે પત્તે પાસે કે ઠોર મૂઠથી,
મેલે નાણું ઘરેણું ઘરબારરે; જૂગારી જનો ૩
રમે અંગનાં વસ્ત્રો વેચી જૂગટે,
ભમે ભુંડા હાલે તે પછી ભાઇ રે ! જૂગારી જનો ૪
ચિત્ત ચોરી કર્યામાં રહે રાતદિ,
વીત લેવાને મન લલચાયરે, જૂગારી જનો ૫
કુળ બોળે જૂગારીજન આપનું,
શુળ પેદા કરે છે ઘરમાંહ્ય રે; જૂગારી જનો ૬
તજે સંગ સજન સઉ તેમનો,
ભજે ભુંડો જૂગારી કહી લોકરે; જૂગારી જનો ૭
તોલ તરણા સમાન નાત જાતમાં,
બોલ લબાડી સરીખો લેખાય રે; જૂગારી જનો ૮
ખોયું પાંડવે રાજ જૂગટું રમી,
જોયું નળરાજાએ મહા દુ:ખરે; જૂગારી જનો ૯
જયારે પર્વ આવે છે પુન્ય દાનનાં,
ત્યારે પાપી પુરૂષો પૂરે દાવરે; જૂગારી જનો ૧૦
પાપ અમાપ લખ્યું છે સિદ્ધાંતમાં,
છાપ નીચ ગતિની લેશો આપરે; જૂગારી જનો ૧૧
કહે કેશવ તજો તે કુટેવને;
રહે નાકને નાણું ભલી ભાતરે. જૂગારી જનો ૧૨

૪

માન માયાના કરનારારે—એ રાગ.

શીખ માનો સદોરીયા માનોરે, ભીખ માગો છો શીદ નાદાનો;
કોઈ તર્યું ન કોઇ તરવાનોરે, લેશ ધારો ન ધંધો નફાનો. ટેક
કાયા નમાવ્યા વિના કમાવું, ધારે છે બહુ બે ભાનો;
નાણું રળે છે તાર ટપાલો માનો કહ્યું હેવાનોરે—ભીખ. ૧
ખાંડી પેટીને ચાંદી જોટામાં મૂકયાં ઘણાએ માનો;
વિષ ભલે હો હીરા સમુ પણ સાકરનો સ્વાદ હોય શાનોરે.ભીખ ૨
ક્રોડો કુટાયા ને લાખો લુંટાયા લેખાતા જેહ મેં'રબાનો
તેહ થયા તરણા તુલ્ય આજે મળ્યો કિતાબ મડદાનોરે.ભીખ ૩
માલ ઘરેણાં મૂકયાં ઘરાણે ચુકયા ન મે'લ મકાનો.
ખાલી થયાથી ફુંકયાં દેવાળાં વાંધો ઉદર ભરવાનોરે-ભીખ૪
ઝાઝો ચડસ એ જેણે કર્યો તે હાથે થયા હેરાનો;
મોત કમોતે મુઆ ઘણા એ કેશવ કહ્યું વીર માનોરે—ભીખ ૫

૫

રાગ બનજારાનો

શિક્ષા સારી ઉરધારો, સટ્ટાનો સંગ નિવારો. ટેક.
છે ઝેર હળાહળ પેટી, એ જે જન કરંમ ભેટીરે;
તે પાય ઘસી મરનારો, સટ્ટાનો સંગ નિવારો. ૧
જોટે જઇ જુતાં ખાશો, ધન સાટે ધુળ કમાશોરે;
સમજુ નહિ કે'શે સારો, સટ્ટાનો સંગ નિવારો. ૨
ચાંદી તે ચોખ્ખું કરશે, આંખોથી આંસુ ખરશેરે;
દુઃખ દરિયો તે થાનારો, સટ્ટાનો સંગ નિવારો. ૩

પેટીએ પૂરા કીધા, ધનમાલ ઘરેણાં લીધાંરે;
લીલામ થયાં ઘરબારો, સટ્ટાનો સંગ નિવારો. ૪
જે ચઢયા વાયદા કરવા, તે કરે પથારી મરવારે;
પળમાંહે જીવ જનારો, સટ્ટાનો સંગ નિવારો. ૫
ખાંડીએ ખાંડી નાંખ્યા, રંડાવી ખુણે રાખ્યારે;
તે ધંધાને ધિક્કારો, સટ્ટાનો સંગ નિવારો. ૬
કળશીમાં કોઇ ન ફાવ્યા, દોરીલોટો લઇ આવ્યારે;
ભટકાતા ફરે હજારો, સટ્ટાનો સંગ નિવારો. ૭
ધન તાર ટપાલો ખાએ, વિદેશે તે ઘસડાયેરે;
શી રીતે રહે ઉગારો, સટ્ટાનો સંગ નિવારો. ૮
ઝુલતા જે દ્વારે હાથી, બકરી ત્યાં ના બંધાતીરે,
દેખ્યો દિ ઘણો નઠારો, સટ્ટાનો સંગ નિવારો. ૯
સટ્ટો છે રહ્યા દુઃખદાઇ, આવ્યું છે કોણ કમાઇરે;
કેશવ કે' વીર વિચારો, સટ્ટાનો સંગ નિવારો. ૧૦

દોહરો.

લૂંટયા લાખો લોકને જોટે જોડી પ્રિત;
ચાંદીએ ચોખું કર્યું, શેરો સડે ખચીત.

૬

ગોવિંદ ગુણ ગાઓરે—એ રાગ

સટ્ટાનો સંગ ટાળોરે, જોટાનો સંગ ટાળોરે;
લેશ ન સાર. ટેક.
કષ્ટનું કારણ, સ્પષ્ટ ન તારણ;
ભીખ મગાવણ વાળો રે (૨) લેશ ન સાર. ૧

કરતા કમાણીરે, ધન ધુળધાણીરે;
ડાઘ પડે કુળ કાળોરે (૨) લેશ ન સાર. ૨
હાટ હવેલીરે, પરઘર મેલીરે;
ભાડાં ભરે ભમરાળોરે (૨) લેશ ન સાર. ૩
ધનને ગમાવીરે, અવદશા લાવીરે;
રોતા ફરે રેઢીયાળોરે (૨) લેશ ન સાર. ૪
નર જે જૂગારીરે, તે તણી નારીરે;
બોલે બળ્યો જનમારોરે (૨) લેશ ન સાર. ૫
જગજન માનેરે તરણા સમાનેરે;
લાજ લીએ હડેહુદારોરે (૨) લેશ ન સાર. ૬
કેશવ કહેછેરે, વીર દુઃખ એ છેરે;
દેશ ડુબે છે રસાળોરે (૨) લેશ ન સાર. ૭

૭

ગઝલ કવ્વાલી

તજો કુટેવ સટ્ટાની, થતી આ દેશની હાની;
ન લેશે લાભ તે માંહે, ગમાવો કેમ જીંદગાની ? ૧
જુગારીદાસના ચેલા, મળે જોગી થવા ભેળા;
ટકાના તેર લેખાએ, વગોવે કુખ માતાની. ૨
નિડર ના થાય એ ધંધા, ખુલા ખોળે જઈ બંદા;
રહે છે રાજભય ભારી, જગા જોતા છુપાવાની. ૩
હતા રાતા અને માતા, ભિખારી તુલ્ય ભટકાતા;
ઉડી ગઈ મુખની લાલી, પીડા પામે ઘણી છાની. ૪
સકયા જે દુષ્ટ એ દ્વારે, મૂકયું ધન-ધાન ઘરબારે;

બન્યા હાથી અજા જેવા, મઝા એમાં ગણો શાની. ૫
રળે જો કોક દિ કાંયે, વધુ લેવા જતા ત્યાંયે;
ગમાવી ગાંઠની મૂડી, બને છે જોડ બાવાની. ૬
થતાં લેખાં જીહાં લાખે, નથી ત્યાં ઉઠતી રાખે;
પડે છે પાઈના સાંસા, જડે નહીં જાર ખાવાની. ૭
ગયા ગાડી અને ઘોડા, રહ્યાં નહિ મો'જનાં રે'ડાં;
ઉગે છે આકડા એમાં, ન પુજી તે કઢાવાની. ૮
જુગારી નાથની નારી, રડે આંસુ ભરી દા'ડી;
કરે કલ્પાંત નિજ બાળક, લીધો શું છાપ મુર્ખાની. ૯
સગાં સૌ ભાઈને ભાંડે, સમ્બન્ધી સ્નેહને છાંડે;
સદાચારી ન રહે સંગે, ધીક્કારે દુનિઆ દાની. ૧૦
બન્યા એ ખ્યાલથી ખાલી, મુઆ ફાંસા ગળે ઘાલી;
સુતા પી ઝેરના પ્યાલા, કરીને કષ્ટ નાદાની. ૧૧
ગયા જે લાડવો લેવા, થયા તેતો સહુ એવા;
લગાડો લક્ષ એ ધંધે, કહ્યું કેશવનું માની. ૧૨

૮

અને વ્રજવાસ છે વ્હાલો રે—એ રાગ

ખરેખર સ્વાદ છે ખારો રે, સટ્ટામાં સુખ ન ધારો રે. ટેક
કુળ કલંકિત થાય છે તેથી જાય છે જશ જરૂર,
વાય છે વાયરો જે જનને તે, ખાય ખત્તા ભરપૂર;
આવે નહિ દુઃખનો આરો રે, સટ્ટામાં સુખ ન ધારો રે. ૧
કાયા કસ્યા વિણ નાણું કમાવું મૂર્ખ ધારી મન માં'ય,
અક્કડ વસ્ત્રો પે'રીને ફક્કડ જોટાના પાટીએ જાય;
મળે જ્યાં સંગ નઠારો રે. સટ્ટામાં—૨

બાજીઆ દીઆ કહી પાડે બરાડા નાચે કુદે મલકાય;
તાર આવ્યો ને ભાવ જાણ્યો કે દાઢ ચડે છે ત્યાંય,
હારેલા ધ્રુજે હજારો રે. સટ્ટામાં--૩
દેવુ દેવાને નાણુ ન હોએ તો હડકાયા થાય,
મુખ વીલે કંઇ માગે ઉછીનું આમથી તેમ ટીચાય;
આવે ભીખ માગવા વારો રે. સટ્ટામાં--૪
ભાવતાં ભોજન જે જમતા તે માગતા ઘેરેઘેર;
તોએ ન પુરૂ પેટ ભરાયે હાલ થયા એ પેર,
વહે આંસુની ધારોએ. સટ્ટામાં--૫
લાખોનાં લેખાં જે ઘર થાતાં તે નર પડતા પાય,
શેર મીઠું નહિ નામે લખાતુ જ્યાં ત્યાં હડધુત થાય;
પડે પૂરા ફીટકારો રે. સટ્ટામાં--૬
સટ્ટો છે સોને દુખદાઇ ખટ્ટો છે સ્વાદ અથાગ,
બટ્ટો લગાડે બાપના નામે કટ્ટો એ કાળો નાગ;
માટે મમ વીર વિચારોરે, સટ્ટામાં સુખ ન ધારો રે. ૭

૯

રાગ મીરાંબાઇના ભજનનો.

સટ્ટાની સોબત ત્યાગોરેઓવીરા મારાસટ્ટાનીસોબતત્યાગોરેક.
દ્વાર છે એતો દુરાચારી જનોનું રે.
આર્ય લુંટાણા એથી લાખો રે. ઓ વીરા મારા. ૧
કુળ કલંકીત ક્રોડોના કીધાં રે,
તેથી તે તજી દૂર ભાગો રે, ઓ વીરા મારા. ૨

તર તિજોરી ભલે હોએ તથાપિ રે,
પૈસા ખસે છે કરી પાંખોરે. એ વીરા મારા. ૩
હાટ હવેલી વેચી એમાં ઘણાએ રે,
મલ ઘરેણાં મૂકયાં બાગોરે. એ વીરા મારા. ૪
નારી જુગારી તણી દીલમાં દાઝેરે,
આંસુ ભરે છે ભવ આખો રે. એ વીરા મારા. ૫
ભાઇને નામે કોઈ પાઈ ન આપેરે,
લેણદારો તે બોલે ફાગો રે, એ વીરા મારા ૬
સટોરીયાનો કોઇ સંગ ન સાંધે રે,
ધર્મ રહે છે એથી આઘો રે, એ વીરા મારા. ૭
જુડ અનીતિ અનાચાર વધે છે રે,
નાસે સદાચાર આઘો રે, એ વીરા મારા. ૮
વ્હેવાર માંહે એનો વાટ ઉઠાડે રે,
કપાળે લાગે કાળો ડાઘો રે, એ વીરા મારા. ૯
કેશવ કે' છે ધંધો ધૂળ એ ધારો રે,
ભાગ્યા ભીખારી મેં તો લાખો રે. એ વીરા મારા૧૦

૧૦

સુણ ચતુર સુજાણ. એ રાગ

સુણ સટોરીયા, સટ્ટાના કુસંગે બટ્ટા લાગશે,
તજ ટેવ બુરી, બાવળીઓ વાવ્યાથી સૂળો વાગશે. ટેક.
એ ધંધો પાપી પાકો છે, જુગાર તણો પણ કાકો છે
ફોકટ ફાંફાંનો ફાકો છે, સુણ, સુણ ૧

છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કિર્તિ ધનનું;
રક્ષણ નવ રેતું તનમનનું. સુણ ૧
વહેવાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કોઇ કરે તે'નો;
ચિંતાતુર રે, જીવડો જેનો, સુણ ૩
ચાંદી પેટીને જોટાનો, ધંધો છે મોટા' તોટાનો;
રસ્તો એ દારૂણી લોટાનો. સુણ ૪
સજ્જન કો સંગ નથી કરતું, ચગડોળ સમુ મનરે' ફરતું;
મળતા સંગી ત્યાં મન ઠરતું, સુણ. ૫
એ વણ મે'નતના ધંધાથી, તારાજ થયા લક્ષાત્રિપતિ;
મડદાને ખાંપણ મળતું નથી. સુણ ૬
પળમાં ધનવાન બને તું તો, પળ એક પછી આંસુ લુંનો;
ઢીલા લમણે દેખ્યો સૂતો. સુણ ૭
મીઠા એ મારગ લાગ્યાથી, બકરી સમ બનીયા બહુ હાથી;
ભીખ માગીને ભાગ્યા ત્યાંથી. સુણ ૮
ઘરબાર ઘરેણાંને મેલી, ખત લખી આપે જુગટું ખેલી;
બૈરી બાળકનો કુણ બેલી. સુણ ૯
ઉર આગ સળગતી હોય સદા, આનંદ ન દિશે લેશ કદા;
ગુણહીણ ગણાતા એહ બધા. સુણ૧૦
મળતા તે જયાં સટ્ટા માટે, બુમો પાડે ત્યાં બે ફાટે;
દીસે છે લઢતાનો ઘાટે. સુણ ૧૧
ખાધા લીધા દીધા કહીને, નાચે કૂદે સામા જેને;
ભટકાતા કંઈક ગળી ખઇને. સુણ. ૧૨
ભય રાજ તણો રે'છે ભારી, પકડાતાં જેલ લીધો ધારી;

મીઠાઈ નથી ત્યાં તો ટારી. સુણ. ૧૩
આવરદા એળે જાય બધી, ધન લાભ ન ભાળે કોઇ કદી;
જીવ્યું આ દુનિયામાંય રદી. સુણ. ૧૪
વ્યસનો વધશે એથી ઝાઝાં, નિજ કુળ તણી ઘટશે માઝા;
ફિટકાર તણાં વાગે વાજાં, સુણ. ૧૫
છે સટ્ટામાંહે પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ;
નરકાદિ પણ સંઘરતુ નથી. સુણ. ૧૬
જો ઉત્તમ ધંધાછે બહુએ, જન તેહથકી રળતા સહુએ;
મેળવતા ધન કિર્તિ બહુએ, સુણ. ૧૭
કેશવ શીખ ઉર ધરજે સારી, તજ શટ્ટાને શત્રુ ધારી;
હારી બેઠા કઇં ઝખ મારી, સુણ. ૧૮

૧૧

જાય છે જગત ચાલ્યું રે આ જીવ જોને–એ રાગ
ક્રોડોજન કર્યાં ખાલી રે, જોટાની જાળે; ટેક.
સટ્ટે બહુ સાફ થયું, દ્રવ્ય દેશપાર ગયું;
કાર્યને સુધાર્યું કર્યું રે, જોટાની જાળે. ૧
લેવા ધન ઢગ ત્યાંહી, જરાએ વિચાર્યું નહિ;
પડ્યા કુવે દીવો સાહીરે, જોટાની જાળે. ૨
ચાંદીની પાટોએ લુંટયા, પેટી–જોટે પૂરા કુટયા;
ખાંડીથી ખાવાને ખુટયાં રે, જોટાની જાળે. ૩
સટ્ટા કેરા સ્વાદ ચાખુ, જાણે ગાડી ઘોડા રાખું;
લાવે પરીણામ ઝાંખુરે, જોટાની જાળે. ૪
જેહ તે જાળે ફસાણા, મૂકી આવ્યા માલ નાણાં;

દુઃખીયા દેવું કરી શાણારે, જોટાની જાળે. ૫
ગાંઠનું ગુમાવી સહુ, રાખમાં રોળાણા બહુ;
ચતુરા ત્યાં ચુકયા કહુંરે, જોટાની જાળે, ૬
બગીચા બનાવ્યા રાન, ઘણાનું ભુલાવી ભાન;
દટાવ્યું દેશાભિમાનરે, જોટાની જાળે. ૭
સુરખાઆ પાકયા માટે, હિંદનું સાગર વાટે;
જર જાય છે સપાટેરે, જોટાની જાળે. ૮
મ્હારો દેશ સુખે ભજી, સટ્ટાતણો સંગ તજી;
બગડયું સુધારો હજીરે, જોટાની જાળે. ૯
તજો તે ત્વરાથી ખ્યાલ, બચેઃ થતા પાયમાલ;
વિનવે કેશવલાલરે, જોટાની જાળે. ૧૦

૧૨

છપ્પો.

સટ્ટો શત્રુ જાણ જરૂર જન લાજ ગમાવે,
આપે કષ્ટ અપાર કુળમાં આગ લગાવે;
ટળે ત્વરાથી ધન અને પરમેશ્વર રૂઠે,
ભવન કરી દે ભસ્મ બોલતાં શીખે જુઠે;
સટ્ટેથી વહેવાર સુખ પળમાં વણસી જાય છે,
સટ્ટાના કરનાર સઉ અંતે દુઃખી થાય છે.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો ટુંક મુદત થયાં અમારી તરફથી બહાર પાડવામાં આવ્યાં છે. માટે મંગાવવા મરજી હોય તેમણે નીચેના શિરનામે લખવા કૃપા કરવી (લાયબ્રેરીઓ, પાઠશાળાએ અને જ્ઞાનપ્રચારક કોઇપણ જાતની સભાઓએ ટપાલ ખરચ માટે ફકત અડધા આનાની પોષ્ટ ટીકીટ મોકલી આપવાથી મફત આપવામાં આવશે.)

શ્રી જીનસ્તવનાવળી.	૦–૨–૦
શોકયોના ઝગડા અને પતિનો પસ્તાવો.	૦–૦–૬

લી. સેવક.

શા. કેશવલાલ જમનાદાસ

પાલખીવાળા.

ઠે. લુણસાવાડે મ્હોટીપોળ.

અમદાવાદ.